**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૯૪ ટકા

# શહેરમાં યોજાયો ઉદ્ગમ મ્યુઝિક ફેસ્ટીવલ

## ટાઉનહોલમાં મોડી રાત સુધી ઉસ્તાદ ફઝલ કુરેશી તથા અઝાન કુરેશીએ તબલાવાદન દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા








ગાંધીનગર, તા.૨૨

તબલા નવાઝ પદ્મશ્રી ઉસ્તાદ અલ્લારખાં સાહેબ 'અબ્બાજી'ની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તથા નિતિન ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદના સહયોગથી સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે બે દિવસીય ઉદ્ગમ મ્યુઝિક ફેસ્ટીવલ યોજાયો હતો. જેમાં તબલા નવાઝ પદ્મશ્રી ઉસ્તાદ અલ્લારખાં સાહેબના સુપુત્ર ઉસ્તાદ ફઝલ કુરેશી તથા પૌત્ર અઝાન કુરેશી, વારાણસીના સિધ્ધ વીણા વાદક પંડિત સિધ્ધાર્થ બેનરજી તથા વિશ્વના પ્રથમ મહિલા તબલાવાદક ઉસ્તાદ અલ્લારખાં અને ઉસ્તાદ ઝાકીર હુસેનના શિષ્યા અનુરાધા પાલ તથા ઉસ્તાદ અલ્લારખાં ઈન્સ્ટિટયુટ ઓફ મુંબઈના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય સંગીતના વિવિધ રાગ રાગિણીઓનું રસપાન કરાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરી ડૉ. જયંતિ રવિ તથા ડૉ. નીતીન સુમંત શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ગમ સંસ્થા દ્વારા જયંતિ રવિના હસ્તે, ડૉ. નીતીન સુમંત શાહ અને આશાબેન સરવૈયા તથા જયરાજસિંહ સરવૈયાને ઉદગમ કલા સન્માનથી નવાજવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સ્વાગત પ્રવચન અને આભારવિધિ ડૉ. મયુર જોષી તથા સ્ટેજ સંચાલન પ્રણવ પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેરીજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

- ડ્રીમગર્લ
  ૧૦.૩૦, ૧.૨૦, ૪.૧૦, ૭.૦૦, ૯.૫૦
- છીછોરે
  ૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
- ધ ઝોયા ફેક્ટર
  ૧.૩૦, ૭.૨૦
- રેમ્બો : લાસ્ટ બ્લડ
  ૧૨.૧૦, ૮.૫૦
- પલ પલ દિલ કે પાસ
  ૯.૦૦, ૨.૩૦, ૫.૪૦, ૧૧.૧૦
- પ્રસ્થાનમ્
  ૧૦.૩૦, ૪.૨૦, ૧૦.૧૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

- ડ્રીમગર્લ
  ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦
- પ્રસ્થાનમ્
  ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
- ધ ઝોયા ફેક્ટર
  ૧.૪૦, ૪.૩૦, ૭.૨૦, ૧૦.૧૦
- પલ પલ દિલ કે પાસ
  ૯.૪૫, ૧૨.૫૦, ૭.૨૫, ૧૦.૩૦
- છીછોરે
  ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
- સાહો
  ૩.૫૫
- ચાસણી (ગુજરાતી)
  ૧.૦૦

# મહાત્મા ગાંધી વિશ્વભરના હીરો છે : ફિલિપ મર્ફી

## આઈઆઈટી ખાતે ન્યુ જર્સીના ગવર્નર ફિલિપ મર્ફીનું જોશ અને આત્મીયતા ભર્યું સંબોધન : ભારત અને અમેરિકા બંને રાષ્ટ્રોની તાકાત વિવિધતામાં જ રહેલી છે : મર્ફી






ગાંધીનગર, તા.૨૨

'મહાત્મા ગાંધી વિશ્વભરના હીરો છે, હીરો હંમેશા હિંમતવાન હોય છે, ગાંધીજી હિંમતવાન હોવાની સાથે સાથે તેમનામાં અન્યોને ઉંચા લાવવાની અદભૂત ધગશ હતી.' આ શબ્દો ખૂબ જોશ અને આત્મીયતા સાથે જયારે ગાંધીનગરની આઈઆઈટી ખાતે યુવાનોને સંબોધતા અમેરિકાના ન્યુ જર્સીના ગવર્નર ફિલિપ મર્ફીએ કહ્યા ત્યારે સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠયો હતો. તેમણે કહ્યું હતું કે 'આપણે માત્ર અહિંસાનો ઉત્સવ ઉજવવાની વાત નથી બલ્કે સૌનું કલ્યાણ કરવું તે જ ગાંધીજી વારસામાં આપી ગયા છે તેને ઉજવવો જોઈએ.'

ન્યુ જર્સીના ગર્વનર ફિલિ મર્ફીએ વધુમાં કહ્યું હતું કે, 'કોઈ પણ વ્યકિત ગાંધીજીની જેમ હીરો બની શકે છે, તમારી અંદર રહેલી હિંમતને અને ધગશને ઓળખો પોતાની જાત માટેની શ્રધ્ધા ઉભી કરો તો તમે પણ હીરો બની શકો છો.' આ સાથે ફિલિ મર્ફીએ 'ભારત અને અમેરિકા બંને રાષ્ટ્રોની તાકાત વિવિધતામાં રહેલી છે, આપણે માત્ર વૈવિધતાની વાતો નથી કરતા પરંતુ વૈવિધતા સાથે જીવીએ છીએ, તમે ભારત કે અમેરિકામાં કોઈની અવગણના કરી ના શકો, આપણે વધુ મહિલાશકિતની, વધુ હરિફાઈની, વધુ ધર્મોની, વધુ એલજીબીટી સમાજોની એમ દરેક ક્ષેત્રે વધુ વૈવિધ્યની જરૂર છે. માટે આપણી જાતને મર્યાદિત નહી કરવી જોઈએ, આપણે અન્યોને સમજવા પણ પડશે અને અન્યો પાસેથી શીખવું પણ પડશે.' ફિલિ મર્ફીએ પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે યોજાયેલા 'ટાઉનહોલ વીથ ફિલ મર્ફી' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા અને તેમના સવાલોના રસપ્રદ જવાબો પણ તેમણે આપ્યા હતા.

આ કાર્યક્રમના પ્રારંભે આઈઆઈટીના ડાયરેકટર ડૉ.સુધિર જૈને ફિલિપ મર્ફીનું સ્વાગત કરતા કહ્યું હતું કે 'આઈઆઈટી ગાધીનગર માટે ગ્લોબલાઈઝેશન એ મુખ્ય આધારસ્તંભ છે અને શૈક્ષણિક તથા સંશોધન સહયોગ માટે તેમજ અમારી તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ-ફેકલ્ટીઓને નવી તકો પુરી પાડવા માટે અમે ન્યુજર્સીની અગ્રણી યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી કરવા ઉત્સાહિત છીએ.' આ કાર્યક્રમમાં આઈઆઈટીએ ન્યુજર્સીની ચાર યુનિવર્સિટી સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કાર્યક્રમમાં ન્યુજર્સી સિટી યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ સ્યુ હેન્ડરસન, ન્યુજર્સી ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના પ્રોવોસ્ટ પેડી ડીક તથા રિસર્ચ એટ રોવાન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડન્ટ બીના સુકુમારન સહિત આઈઆઈટીના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.




ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી ન્યુ ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં દિનદયાળ નગર ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન શનિવારની સાંજે કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ, આકાશવાણી રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ તથા ઉત્તર ગુજરાતની કોયલ તરીકે જાણીતા સુલોચનાબેન વ્યાસે લોકસાહિત્ય અને લોકસંગીત પીરસ્યું હતું. કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળના પ્રમુખ તખતસિંહ પરમાર અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમનું રસપ્રદ સંચાલન સાહિત્યકાર વ્હાલા ગજ્જરે કર્યું હતું. કાર્યક્રમને મોટી સંખ્યામાં વસાહતીઓએ ઉપસ્થિત રહી માણ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર મનુજી રમતુજી, ઉ.વ. ૫૨
- સ્વ. પરમાર મોહનલાલ લાલજીભાઈ, ઉ.વ. ૮૨
- સ્વ. વ્યાસ પુષ્પાબેન પરમાનંદજી, ઉ.વ. ૭૨
- સ્વ. હિતેશકુમાર કિશનભાઈ પરમાર, ઉ.વ. ૨૮
- સ્વ. કોઠારી નગીનદાસ કચરાલાલ, ઉ.વ. ૭૬



ભારતીબાપુની વ્યાસપીઠે સાત દિવસીય શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ સે-૨૮ સ્થિત દત્ત મંદિર ખાતે થઈ ગયો છે. દરરોજ બપોરે ૩ થી ૬ દરમિયાન યોજાનાર ભાગવત કથાના પ્રથમ દિવસે દત્ત પરિવારના ભકતો દ્વારા આરતી કરી કથા પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા 'ધ્યાન' અંગે નિઃશુલ્ક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા માનવજીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં સફળ થવા માટે જરૂરી પરિબળ ધ્યાન અંગેની ઉંડી સમજ આપતો કાર્યક્રમ તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ બપોરે ૩ થી ૫ દરમિયાન સે-૧૧ સ્થિત નગરપાલિકા પરિષદ ખાતે યોજાશે.

કાર્યક્રમમાં ધ્યાન, સુખ શાંતિ અને સ્વર્ગ પુસ્તકના લેખક બી.આર. કટારા દ્વારા વિષયક વિસ્તૃત સમજૂતી આપવામાં આવશે. સંસ્થાના પ્રમુખ ડૉ. અંકુર પરમાર અને મંત્રી પાર્થ ઠકકર દ્વારા નગરજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે તથા વધુ માહિતી માટે પ્રોજેકટ ચેરમેન રોટે. ઈલાબેન વોરા ૯૪૨૬૩૬૭૫૭૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

# આત્મહત્યાઓની વધતી જતી સંખ્યા : 'મન કયું બહેકા રે બહેકા?'


## દિનપ્રતિદિન સમાજમાં વધતા જતા આપઘાતના કિસ્સા ખતરાની ઘંટી સમાન : હતાશા, ગુસ્સો કે માનસિક તણાવ વધવા પાછળ અનેક કારણો : વધતી આત્મહત્યાઓ અટકાવવા નિષ્ફળતા કે મુશ્કેલી સામે હૂંફ-બળ પુરું પાડતા પારદર્શિતા સાથે પારિવારિક મૂલ્યોના સિંચનની તાતી જરૂરિયાત





ગાંધીનગર, તા.૨૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં તેમના જન્મદિવસે સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જયારે નર્મદાના નીરને વધાવી રહ્યા હતા ત્યારે બીજી તરફ કેવડિયા કોલોનીમાં એક પોલીસ અધિકારીએ પોતાના કપાળમાં ગોળી ધરબી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. અમદાવાદમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા કુમળીવયના બાળકે પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈને જીવન ગુમાવ્યું છે. છેલ્લા બે માસના ટૂંકા ગાળામાં ગાંધીનગરના બે પ્રતિભાશાળી અને આશાસ્પદ નવલોહિયા યુવાનોએ નર્મદા કેનાલમાં પડતું મુકીને પોતાની જીંદગીનો અંત આણ્યો છે. આવા તો અઢળક કિસ્સા દરરોજ અખબારોના પાને ચમકે છે જેમાં કયાંક કોઈ પ્રેમી યુગલ આત્મહત્યા કરે કે કોઈ વેપારી-ખેડૂત કે મહિલા પોતાના સંતાનો સાથે મોતને વ્હાલું કરે છે. અરે, જીવનની સમસ્યાઓથી ત્રસ્ત થઈને ધર્મગુરૂઓના શરણે જતા આપણા સમાજમાં ભૈયુજી મહારાજ જેવા પ્રતિભા સંપન્ન ધાર્મિક ગુરૂ પણ આત્મહત્યા કરવા દોરવાય છે ત્યારે એક સવાલ આપણી સામાજિક સ્થિતિ સમક્ષ ઉભો થઈ રહ્યો છે કે 'શા માટે દિન પ્રતિદિન આત્મહત્યાની સંખ્યા વધતી જાય છે? આટલી ટેકનોલોજી, સુખ સગવડો અને સુવિધાઓના વિકાસ પછી પણ આપણે શા માટે એક આનંદમય ખુશહાલ સમાજનું નિર્માણ કરી શકયા નથી?'

આપણી ભારતીય સંસ્કૃતિમાં જીવનને અત્યંત મૂલ્યવાન માનવામાં આવે છે અને આપણા સામાજિક જીવનમાં ઉત્સવોનું ખૂબ મહત્વ છે જે દર્શાવે છે કે જીવન જીવવા માટે નહી પરંતુ ઉજવવા માટે છે, જયારે ગુજરાતમાં વાઈબ્રન્ટ નવરાત્રિ અને વાઈબ્રન્ટ સમિટની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારે તેની કેચ લાઈન રાખવામાં આવી હતી 'વાઈબ્રન્ટ ગુજરાત : જયાં જીવન એક ઉત્સવ છે' જો કે આજ વાઈબ્રન્ટ ગુજરાતમાં વાસ્તવિક પરિસ્થિતિ કંઈક જુદી જ ગણાય છે. ગુજરાત વિધાનસભાના છેલ્લા મળેલા સત્રમાં રજૂ કરાયેલા આંકડા જોઈએ તો છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં દરરોજ સરેરાશ ૫૫ વ્યકિતઓની આત્મહત્યા કે અપમૃત્યુ સાથે ૪૦ હજારથી વધુ નાગરિકોએ મોતને વ્હાલું કર્યું છે. આ આંકડા અનુસાર રાજકોટ જિલ્લામાં સૌથી વધુ ૫૧૪૦ આત્મહત્યા કે અપમૃત્યુ નોંધાયા છે, તે પછી અમદાવાદમાં ૪૩૩૨, વલસાડમાં ૪૨૨૬, સુરતમાં ૪૦૪૭, જામનગરમાં ૧૭૬૩નો નંબર આવે છે. ગાંધીનગર જિલ્લો ૧૧૫૨ સાથે દસમા ક્રમે છે જયારે સૌથી ઓછો આંકડો પાટણ જિલ્લાનો ૨૨૨ આત્મહત્યા કે અપમૃત્યુની સંખ્યાનો નોંધાયો છે. રાજયમાં બોર્ડની પરીક્ષાઓના પરિણામ ટાણે વિદ્યાર્થીઓની આત્મહત્યાના કિસ્સા વધી જતા જોવા મળે છે. રાજયમાં વધતી જતી આત્મહત્યાઓ અટકાવવા સરકાર દ્વારા સતત ૩૬૫ દિવસ ૨૪ કલાક ચાલતી 'જીવન આસ્થા' હેલ્પલાઈન ચલાવાય છે જે આત્મહત્યા કરવા પ્રેરાયેલી વ્યકિતને યોગ્ય કાઉન્સેલિંગ અને જરુરી મદદ સુરક્ષા પુરી પાડી તેમની ગુપ્તતા જાળવવા સાથે આપઘાતના રસ્તેથી પાછા વાળી જીવન તરફ વાળવા પ્રયાસ કરે છે.



'જીવન આસ્થા' હેલ્પલાઈન વર્ષ ૨૦૧૫માં સપ્ટેમ્બરમાં જ શરુ કરવામાં આવી હતી અને તે વર્ષે તેને ૨૦૮૭ કોલ પ્રાપ્ત થયા હતા. આ પછી વર્ષ ૨૦૧૬માં ૧૦,૪૭૨, વર્ષ ૨૦૧૭માં ૧૩,૨૪૫, વર્ષ ૨૦૧૮માં ૧૧,૭૮૦, વર્ષ ૨૦૧૯માં અત્યાર સુધીમાં ૧૦,૩૮૩ એમ કુલ મળીને આશરે ૪૮ હજાર જેટલાં કોલ્સ મળી ચુકયા છે. 'જીવન આસ્થા' હેલ્પલાઈનના સંચાલનમાં મહ્ત્વની ભૂમિકા ભજવતા લાયઝન અધિકારી પી.સી. વલેરાએ જણાવ્યા મુજબ હેલ્પલાઈનને મળેલા કુલ કોલ્સ પૈકી ચાર ટકા કોલ્સ આત્મહત્યાને લગતા હોય છે, અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ કિસ્સામાં રૂબરૂ ઉપરાંત અન્ય કિસ્સામાં ટેલિફોનિક કાઉન્સેલીંગ કરીને વ્યકિતઓને આપઘાત કરતા બચાવી લેવાઈ છે. જેમાંથી ૬૦ વ્યકિતઓને તો આત્મહત્યાના સ્થળેથી એટલે કે કેનાલના કિનારે કે બહુમાળી મકાનની છત પરથી બચાવી લેવાઈ છે. આ કોલ્સનું વિવરણ કરતા માલુમ પડે છે કે મોટાભાગના કિસ્સામાં અભ્યાસ, કારકિર્દી, સંબંધો, પ્રેમ વગેરેમાં નિષ્ફળતા ઉપરાંત કોઈકને કોઈક પ્રકારનું દબાણ કે અપેક્ષાઓનો બોજો જવાબદાર હોય છે. જે વ્યકિતના મનને બહેલાવી આપઘાત કરવાના ક્ષણિક આવેગ તરફ ધકેલી જાય છે.

ગાંધીનગરના જાણીતા સાયકાટ્રીક તબીબ જેઓ જીવન આસ્થાને વિના મૂલ્યે 'મેન્ટર'ની સેવા પુરી પાડી રહ્યા છે તેવા ડૉ. ગૌરાંગ થાનકીના મત મુજબ 'બાળકો નાનપણથી મા-બાપનું અવલોકન કરતા રહે છે તેથી આપણી પ્રથમ જવાબદારી બને છે, અત્યારના બાળકમાં પહેલા કરતા વધુ મહત્વાકાંક્ષા, વધુ હરિફાઈ અને ઓછી સહનશકિત જોવા મળે છે, આપણે બાળકની દરેક જીદ પુરી કરવાને બદલે 'ના' પાડવાનું પણ બાળપણથી જ શરુ કરવું પડશે, વળી, મા-બાપે બાળકો સમક્ષ સાચી પરિસ્થિતિ દર્શાવવી ખૂબ જરુરી છે. બાળકો સાથે જેટલાં પ્રમાણિક અને પારદર્શી રહીશું તેટલી તેમની નૈતિક હિંમત વધશે. મા-બાપે ગુસ્સો કરવાને બદલે બાળકને સાંભળવાની ટેવ કેળવવી પડશે અને પાયાના મૂલ્યોનું જતન શિખવવા તેમની નિષ્ફળતાને સ્વીકારવી પડશે. આ સાથે આપણા જીવનમાં નાના મોટા સામાજિક મેળાવડા, ધાર્મિક પ્રસંગો કે ધ્યાન-પ્રાણાયામ-આસ્થા પણ વ્યકિતને નિરાશાની ગર્તા તરફ ધકેલાતા અટકાવે છે.'

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે 'જો મારામાં વિનોદવૃત્તિ ના હોત તો મેં આત્મહત્યા કરી લીધી હોત.' જીવનમાં હળવા થવું ખૂબ જરુરી છે અને તે માટે પરિવાર-મિત્રો ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે એક હિન્દી ફિલ્મમાં ગીત હતું કે, 'જીંદગી કી તલાશ મેં હમ મૌતકે કિતને પાસ આ ગયે' આ પરિસ્થિતિનો સામનો ના કરવો પડે તે માટે વ્યકિત એ પોતાના જીવનમાં સફળતા-નિષ્ફળતા કરતા જીવને વધુ મહત્વ આપવું પડશે. તાજેતરમાં જ રિલીઝ થયેલી નવી ફિલ્મ છીછોરે આ બાબતે સુંદર સંદેશ આપતા નિષ્ફળતાનો સામનો કરવાનું શિખવે છે જે દરેક પરિવારે સાથે બેસીને જોવી જોઈએ કારણકે 'જીવન છે તો બધું જ છે, જીવન રહેશે તો ફરી ખશીઓ આવાતા વાર નહીં લાગે. બસ જરૂર છે તો બહેકી જતા મનને કન્ટ્રોલ કરવાની, ગુસ્સાને, હતાશાને ખંખેરી નવું જોમ ભરવાની.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com